### નગરજનોમાં આક્રોશ, કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહીની માગણી

# વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના રોડ-ડિવાઈડરના કામો અધૂરા, શહેરમાં અકસ્માતોનો ભય

**શહેરના રસ્તાઓ પર રો મટીરીયલ ફેલાઈ જવાથી અકસ્માતોનું જોખમ**

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે દર વર્ષે કરોડો રૂપિયાના રોડ, રસ્તા અને ડિવાઈડર જેવા કામો મંજૂર કરવામાં આવે છે. આ કામો માટે કોન્ટ્રાક્ટરોને સોંપવામાં આવે છે, પરંતુ શહેરના અનેક વિસ્તારોમાં આ કામો અધૂરા અને બિનમર્યાદિત હાલતમાં જોવા મળતા વાહનચાલકો માટે ગંભીર જોખમ ઊભું થયું છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ અને ડિવાઈડર પર કામ અધૂરા હોવાના કારણે બાંધકામ માટે ઉપયોગમાં લેવાતું મટીરીયલ રસ્તા પર ફેલાયેલું જોવા મળે છે. આ કારણે વાહનો સ્લીપ થઈ જતા અનેક અકસ્માતો થતા રહે છે, જેમાં ઘણા વખત નિર્દોષ લોકો અને બાળકોને પણ ઈજા થવાની ઘટના બની છે.

અધૂરા કામોને કારણે એક તરફનો માર્ગ મટીરીયલથી ભરેલો હોવાથી વાહનવ્યવહાર માટે રસ્તાનો એક ભાગ બંધ કરવામાં આવ્યો છે. આથી વાહનચાલકો સિંગલ પટ્ટી માર્ગ પર જ પસાર થવા મજબૂર છે, જેના કારણે વાહનો આમને સામને આવી જતા અકસ્માતો થવાની શક્યતા વધી છે. આ સ્થિતિમાં નાગરિકોના જીવનને ગંભીર જોખમ છે.

જોકે આ મુદ્દા અંગે નગરજનો દ્વારા અનેક વખત ફરિયાદ કરવામાં આવી છે, છતાં પાલિકા તંત્ર અને સંબંધિત અધિકારીઓ દ્વારા કોન્ટ્રાક્ટરો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. કોન્ટ્રાક્ટરો પોતાની મનમાની કરતા રહે છે અને કામ અધૂરા છોડી દેતા રહે છે, જેનાથી નગરજનોમાં આક્રોશ ફેલાયો છે.

આ સ્થિતિને લઈ નગરજનોમાં ભારે ચિંતા અને આક્રોશ ફેલાયો છે, અને તેઓ તાત્કાલિક પગલાંની અપેક્ષા રાખે છે. વડોદરા મહાનગરપાલિકા અને સંબંધિત અધિકારીઓએ આ મુદ્દે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી કરવી જરૂરી છે, નહીં તો આ માર્ગો પર અકસ્માતોની સંખ્યા વધતી જવાની શક્યતા છે, જે નગરજનો માટે ગંભીર જોખમ બની રહેશે.



**નગરજનોની માગણી કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરી કડક કાર્યવાહી કરવી**

નગરજનો અને સામાજિક સંગઠનો દ્વારા વડોદરા મહાનગરપાલિકાને અનેક વાર ફરિયાદો કરી છે કે જે કોન્ટ્રાક્ટરો પોતાના કામમાં લાપરવાહીથી કરે છે અને શહેરના વિકાસને નુકસાન પહોંચાડે છે, તેમને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવામાં આવે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. જેથી ભવિષ્યમાં આવા અધૂરા અને જોખમી કામો અટકાવવામાં આવે અને શહેરમાં સુરક્ષિત અને વ્યવસ્થિત માર્ગ વ્યવહાર સુનિશ્ચિત થાય.

# હેલ્મેટ નહી પહેરનાર ચાલકો સામે 63 કેસ, નો પાર્કિંગમાં હોય તેવા 60 વાહનો ટોઈંગ

**ટ્રાફિક અને એમવી એક્ટના નિયમોનો ભંગ કરનાર ચાલકો સામે પોલીસની ઝુંબેશ યથાવત**

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરામાં ટ્રાફિક નિયમોનું પાલન નહી કરી ઓવરસ્પીડમાં કાર દોડાવતા હોવાના કારણે વારંવાર અકસ્માત થતા હોય છે. ત્યારે આવા વાહનચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પોલીસ સતત કેટલા દિવસોથી ઝુંબેશ ચલાવી રહી છે અને એમવી એક્ટના નિયમોનું ઉલ્લંઘન કરનાર 14 વાહનો ડીટેઈન સાથે હેલ્મેટ નહીં પહેનાર ચાલકો સામે 63 કેસ કરાયા છે. ટ્રાફિક પોલીસે નો પાર્કિંગ ઝોનમાં પાર્ક કરેલા તથા નડતરરૂપ હોય તેવા ટુ તથા ફોર વ્હિલર મળી 60 ટોઈંગ કરાયા છે. નો પાર્કિંગમાં મુકેલી હોય તેવી કાર લોક કરી ચાલક પાસેથી રૂ.43 હજારનો દંડ કરાયો છે.



તાજેતરમાં ટ્રાફિકના નિયમોનું પાલન નહી કરતા ઘણા અકસ્માત થયા હતા અને તેમાં ઘણા નિર્દોષ લોકોમાં જીવન પણ ગયા છે. ત્યારે શહેરમાં ટ્રાફિક નિયમનો ભંગ કરનાર વાહનચાલકો સામે મદદનીશ પોલીસ કમિશનર ડી.એમ.વ્યાસની સૂચના મુજબ ટ્રાફિક શાખા પશ્ચિમ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ટ્રાફિક પોલીસે એમવી એક્ટના નિયમોનું ઉલ્લંઘન કરનાર ચાલકોના 14 વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. ઉપરાંત હેલ્મેટ નહીં પહેનાર ટુ વ્હીલર ચાલકો વિરુધ્ધ હેલ્મેટ ભંગના 63 કેસ કરવા સાથે વાહન ચાલકો પાસેથી રૂ.94 હજારનો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે. ઉપરાંત શહેરમાં નો પાર્કિંગ ઝોનમાં પાર્ક કરેલા અને નડતરૂપ થતા હોય તેવા ટુ અને ફોર વ્હિલર મળી 60 વાહનોને ક્રેઈનો દ્વારા ટોઈંગ કરાયા છે. પોલીસે રોડ પર જ કારને લોક કરી કાર્યવાહી કરી ચાલકો પાસેથી રૂ.43 હજારનો દંડ વસૂલ કરાયો છે. છેલ્લા કેટલાક દિવસોથી ઓવર સ્પીડમાં વાહન ચલાવતા હોય તેમજ અન્ય ટ્રાફિકના નિયમનો ભંગ કરનાર ચાલકો સામે સતત ઝુંબેશ ચલાવી કાર્યવાહી કરાઈ રહી છે.

# આજવા રોડ પર સયાજીપાર્ક પાસેથી બે રીઢા ચોરને ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યાં

**લક્ષ્મીનગરમાં ચોરી કરી હોવાની કબૂલાત : રૂ. 81 હજારનો મુદ્દામાલ રિકવર કરી બંને બાપોદ પોલીસને સોંપાયાં**

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા રામદેવનગરમાં બે દિવસ પહેલા બંધ મકાનમાં મોડી રાત્રીના સમયે તસ્કરોએ દરવાજાનું તાળુ તોડીને ઘરમાં પ્રવેશ્યા હતા અને સોના ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેની ફરિયાદ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ આ ચોરીના ગુનામાં ફરાર તસ્કરોને ઝડપી પાડવા માટે વિસ્તારમાં 25 એપ્રિલના રોજ પેટ્રોલિંગ કરી હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે આજવા રોડ સયાજીપાર્ક બસ સ્ટેન્ડ પાસેથી બે શખ્સ બલવીરસિંગ નેપાળસિંગ સિકલીગર (રહે. એકતાનગર) તથા ક્રિપાલસિંગ જેરીલસિંગ સિકલીગર (રહે. સરદાર એસ્ટેટ પાછળ મણીનગર)ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી સોના ચાંદીના દાગીના અને સિક્કા તેમજ રોકડ રકમ મળી આવી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેમની પૂછપરછ કરી સોના ચાંદીના દાગીનાના પુરાવા માગતા તેઓ રજૂ કરી શક્યા ન હતા. ઉપરાંત બંનેએ અન્ય એક સાગરીત સાથે મળીને બે દિવસ પહેલા આજવા રોડ લક્ષ્મીનગરના બંધ મકાનમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચે તેમની પાસેથી દાગીના, રોકડ રકમ અને બાઈક મળી રૂ. 81 હજારના મતા કબજે કરી આગળની કાર્યવાહી માટે બાપોદ પોલીસને સોંપી હતી. ઉલ્લેખનીય છે કે બલવીરસિંગ અગાઉ ઘરફોડ વાહન ચોરી, લૂંટ, ખુનની કોશિશ સહિતના 13 ગુનામાં પકડાયો છે. એક વખત પાસા પણ થઈ ચૂકી છે. જ્યારે ક્રિપાલસિંગ અઘાઉ ખુનની કોશિશ લૂટના તેમજ ઘરફોડ ચોરીમાં ઝડપાયો છે.

### દુર્ગંધ નાશક દવાઓ પર છેલ્લાં બે વર્ષમાં 3 કરોડથી વધુનો ખર્ચ થયો

# કરોડોના ખર્ચ પણ દુર્ગંધ અકબંધ, કિશનવાડીના નાગરિકોની પીડા યથાવત

**પરિસ્થિતિ એવી બની ગઈ છે કે લોકો રોજિંદી દુર્ગંધથી પીડાઈ રહ્યા છે, બાળકો અને વૃદ્ધો માટે શ્વાસ લેવું પણ મુશ્કેલ બની ગયું છે**

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) નિયમિતપણે શહેરની સ્વચ્છતા માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવે છે, પરંતુ મોટો પ્રશ્ન એ છે કે શું નાગરિકો જે લોકો માટે આ ખર્ચ કરવામાં આવે છે તેઓ ખરેખર તેની અસર જુએ છે કે નહીં. તાજેતરમાં, મ્યુનિસિપલ કોર્પોરેશનની ઘન કચરા શાખાએ દુર્ગંધ નાશક દવા ખરીદવા માટે નવા ટેન્ડર હેઠળ મોનિકેમ કંપનીને 2.17 કરોડ રૂપિયાનું ટેન્ડર મંજૂર કર્યું છે. આ દવાની કિંમત પ્રતિ લિટર 290 રૂપિયા છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા બે વર્ષમાં પણ, આ જ પ્રકારની દવાનો મોટો જથ્થો ખરીદવામાં આવ્યો છે - જૂન 2023માં 1 કરોડ રૂપિયા, માર્ચ 2024માં 1.14 કરોડ રૂપિયા અને ઓક્ટોબર 2024માં 85.5 લાખ રૂપિયાનો ધુમાડો કરાયો. જોકે, આ દુર્ગંધ નાશક દવાનો ઉપયોગ ક્યાં કરાયો તે હવે સવાલ છે કેમ કે કિશનવાડી વિસ્તારમાં આવેલી ડમ્પિંગ સાઈટમાંથી હજુ પણ દુર્ગંધ આવી રહી છે અને સ્થાનિક નાગરિકો રોજ આ દુર્ગંધથી પીડાઈ રહ્યા છે.

દુર્ગંધ નાશક દવાના ટેન્ડર પ્રક્રિયાની પણ વાત કરવામાં આવે તો છેલ્લા 12 વર્ષથી સતત એકના એક ઈજારદારોને જ આ ટેન્ડર આપવામાં આવી રહ્યું છે. આ ઈજારદારો પૈકી કેટલાક તો ભાજપના જ ભૂતપૂર્વ નેતાઓ સાથે સંકળાયેલા હોવાની પણ ચર્ચા થઈ રહી છે. અગાઉ, આવી ઘટનાઓ પણ બની છે જેમાં કેટલાક વ્યક્તિઓએ ટેન્ડર મેળવવા માટે અધિકારીઓ પ્રત્યે આક્રમક વર્તન દાખવ્યું હતું પરંતુ આ વાત પાલિકાની બહાર ક્યારેય આવી ન હતી. આ બધું જોઈને, પ્રશ્ન એ થાય છે કે શું ટેન્ડર પ્રક્રિયા કરી દુર્ગંધ નાશક દવાઓની ખરીદી માત્ર દેખાડો તો નથી કે કેમ?

**શું કિશનવાડીના લોકો શહેરના નાગરિકો નથી?**

કિશનવાડી જેવા રહેણાંક વિસ્તારોમાં દુર્ગંધના મુદ્દા પર સ્થાનિક નાગરિકોએ અનેક વખત રજૂઆતો કરી છે. 19 ડિસેમ્બર 2024 ના રોજ એક જાગૃત નાગરિકે મુખ્યમંત્રીને અરજી કરી હતી. તેના જવાબમાં, 23 જાન્યુઆરી 2025 ના રોજ પાલિકાએ સ્પષ્ટતા કરી હતી કે આ સ્થળ ટ્રાન્સફર સ્ટેશન છે અને આગળના કામ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પરંતુ આજે તે જવાબને ત્રણ મહિના થઈ ગયા છે અને હજુ સુધી કોઈ સ્પષ્ટ કાર્યવાહી જોવા મળી નથી. પ્રશ્ન એ છે કે, શું કિશનવાડી વિસ્તારના નાગરિકો શહેરનો ભાગ નથી? કરોડોના ખર્ચે નગરપાલિકા જે દવા ખરીદી રહી છે તેનો ઉપયોગ ક્યાં થઈ રહ્યો છે? જો દવા ખરીદવામાં આવે છે, દવાની ખરીદી પર કરોડોનો ખર્ચ કરવા છતાં, વિસ્તારમાં દુર્ગંધ અકબંધ રહે છે, તો જનતાને શું ખાતરી છે કે આ કાગળકામ અને ભ્રષ્ટાચારનું બીજું ઉદાહરણ નથી? પરિસ્થિતિ એવી બની ગઈ છે કે લોકો દિવસેને દિવસે દુર્ગંધથી પીડાઈ રહ્યા છે, બાળકો અને વૃદ્ધો માટે શ્વાસ લેવાનું મુશ્કેલ બન્યું છે. આ સ્થિતિમાં, વહીવટીતંત્રની બેદરકારી અને કામ ટાળવાનું વલણ નાગરિકોના જીવલેણ પ્રશ્નોને નકારી રહ્યું હોય તેવું લાગે છે.

# રાત્રિ બજાર પાસે ટોઈંગ કરેલી કારને પાછળ ટક્કર મારતાં નુકસાન

**અકસ્માત કરનાર ફોર વ્હીલર ચાલકે નશો કર્યાનું તથા કાર ચાલક સાથે અપશબ્દો બોલી ઝઘડો કર્યો હોવાના આક્ષેપ સાથે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ**

(પ્રતિનિધિ) વડોદરા તા. 25

અમદાવાદ શહેરના સેટેલાઈટ ક્રોસ રોડ વિસ્તારમાં આવેલા શ્રીધર એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહેતા માલવ મિલનકુમાર ઠક્કર પ્રિન્ટીગ પેમ્ફલેટ્સ નું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે તેઓ પાસે તેમના સંબંધી વાલ્કેશકુમાર રમેશચંદ્ર પટેલની માલિકીની ટાટા ઝેસ્ટ ફોર વ્હીલર જેનો રજીસ્ટ્રેશન નંબર જીજે -01-એફ ટી -3664 છે જેનો ઉપયોગ તેઓ કરે છે તે ફોર વ્હીલર લઈને તેઓ ગત તા 24 એપ્રિલના રોજ રાત્રે સાડા દસેક વાગ્યે પોતાના પત્ની અને પુત્ર સાથે વડોદરાના સમા ખાતે બિલ્ડરના ઘરે પ્રિન્ટિંગ પેમ્ફલેટ્સ આપવા માટે નિકળ્યા હતા તે દરમિયાન અમદાવાદ -વડોદરા એક્સપ્રેસ હાઈવે વાસદ પાસે ફોર વ્હીલરમા ટેકનિકલ ખામી સર્જાતા ફોર વ્હીલર ને ટોઈંગ કરીને વડોદરા મંગલ પાંડે રોડ થી એલ એન્ડ ટી સર્કલ પાસે આવેલા રાત્રિ બજાર પાસે પહોંચ્યા હતા તે દરમિયાન રાત્રે આશરે સવા બારના સુમારે પાછળથી પૂરઝડપે આવેલી ફોર વ્હીલર જેનો રજીસ્ટ્રેશન નંબર જીજે -37-બી-7979 ના ચાલકે ટોઈંગ કરેલી ફોરવ્હિલરને પાછળથી ટક્કર મારતાં નુકસાન થયું હતું જે બાબતે વપારીએ કાર ચાલકને બોલતા તેણે વેપારી સાથે અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો, ફોર વ્હીલર ચાલકે નશો કર્યાનું જણાયું હતું તેનું નામ પૂછતાં તેણે પોતાનું નામ સુધીર લીલાધરભાઈ ખીરસરીયા હોવાનું તથા પોતે વાઘોડિયારોડ તુલસી હાઈટ્સ નજીકના શ્રી સિધ્ધનાથ પ્લેટીનમ ખાતે રહેતા હોવાનું જણાવ્યું હતું.સમગ્ર મામલે અમદાવાદના વેપારી દ્વારા હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં તાંદલજા ખાતે મુસ્લિમોએ કાળી પટ્ટી બાંધી શુક્રવારની નમાઝ અદા કરી



■ જમ્મુ કાશ્મીરના પહલગાવ ખાતે આતંકવાદીઓએ 28 ભારતીય યાત્રિઓ પર ગોળીબાર કરી જાનથી મારી નાંખ્યા હતા. જેના વિરોધમાં તાંદલજા ખાતે મુસ્લિમોએ કાળી પટ્ટી બાંધી શુક્રવારની અદા કરી વિરોધ નોંધાવ્યો હતો. તથા આંતકીઓને ઝડપી પાડી વગર કાર્યવાહીએ સીધી જ ફાંસી આપવા માગણી કરી હતી.

# રેફેક્સ ઈન્ડસ્ટ્રીઝે ચોખ્ખા નફામાં 88% વાર્ષિક વૃદ્ધિ નોંધાવી

વડોદરા,

રેફેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (NSE - REFEX | BSE - 532884), એશ અને કોલ હેન્ડલિંગ, રેફ્રિજન્ટ ગેસ અને ગ્રીન મોબિલિટીને આવરી લેતા ગતિશીલ પોર્ટફોલિયો સાથે ભારતના ગ્રીન ટ્રાન્સફોર્મેશનને શક્તિ આપતી કંપનીએ ચોથા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ 25 માટેના તેના ઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે - જે ટકાઉ આવતીકાલની દિશામાં તેની વધુ એક છલાંગ દર્શાવે છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા, રેફેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનિલ જૈને જણાવ્યું, "અમે રેફેક્સને ટકાઉ, ભવિષ્ય-કેન્દ્રિત વૃદ્ધિ તરફ દોરી રહ્યા હોવાથી નાણાકીય વર્ષ 25 અમારી સફરમાં વધુ એક મહત્વપૂર્ણ અધ્યાય રહ્યો છે. અમારૂં પ્રદર્શન અમારા વૈવિધ્યસભર વ્યવસાય મોડેલની મજબૂતાઈ અને મુખ્ય ક્ષેત્રોમાં અમે કરેલા વ્યૂહાત્મક પુનર્ગઠનને દર્શાવે છે.

### સરકારના આદેશનું VMCના કોન્ટ્રાક્ટરો દ્વારા ઉલ્લંઘન

# સુરક્ષાના સાધનો વગર ડ્રેનેજની અંદર કામ કરાવતા કોન્ટ્રાક્ટર જયેશ

**વડોદરામાં તાપમાન 40 ડિગ્રી પાર, બપોરે 1 થી 4 વચ્ચે શ્રમિકોને કામ પર ન લગાવવાનો કોન્ટ્રાક્ટરોનો સરકારના આદેશનો ઉલ્લંઘન**

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા તાપમાન 40 ડિગ્રીથી ઉપર પહોંચી કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતો જઈ રહ્યો છે. આ તીવ્ર ગરમીમાં ખાસ કરીને ખુલ્લા તાપમાં કામ કરતા શ્રમિકોની સુરક્ષા માટે રાજ્ય સરકારે જૂન 2025 સુધી બપોરે 1 થી 4 વાગ્યા દરમિયાન ખુલ્લા તાપમાં કામ ન કરાવવાનો કડક આદેશ બહાર પાડ્યો છે. આ સમયગાળા દરમિયાન તાપમાન અને તીવ્ર ગરમીને કારણે શ્રમિકોને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે.



વડોદરા મહાનગરપાલિકા ના કોન્ટ્રાક્ટરો આ આદેશને અવગણતા ગરમીના આકરા તાપમાં બપોરે 1 થી 4 વાગ્યા દરમિયાન શ્રમિકોને ડ્રેનેજ સાફ કરાવવાનું કામ કરાવી રહ્યા છે. આ વિસ્તારમાં શ્રમિકોને સુરક્ષાના કોઈ પણ સાધનો આપવામાં આવ્યા નથી. કોન્ટ્રાક્ટર જયેશભાઈ, જેમણે આ કામ કરાવવાનું સોંપાયું હતું, તેમણે જણાવ્યું કે "આ તાપમાન થોડું ઓછું છે, અને કામ તો કરવું જ પડશે." તેમ છતાં, આ જવાબથી સ્પષ્ટ થાય છે કે તેઓ શ્રમિકોની સલામતીને ગંભીરતાથી લેતા નથી. ગરમીના આ તીવ્ર પ્રભાવ હેઠળ શ્રમિકો ચક્કર આવવા, બેભાન થવા અને અન્ય ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી શકે છે. ભૂતકાળમાં આવી પરિસ્થિતિઓમાં અનેક વખત આ પ્રકારના કિસ્સાઓ નોંધાયા છે. આ સ્થિતિમાં શ્રમિકોની સુરક્ષા માટે સરકારના આદેશનું પાલન કરાવવું અત્યંત જરૂરી છે.

આ મામલે ગુજરાત મિત્રના પ્રતિનિધિઓએ કોન્ટ્રાક્ટર જયેશભાઈ સાથે વાતચીત કરી હતી, પરંતુ તેમણે જવાબ આપવાનું ટાળ્યું અને ફોન પર લાગ્યા રહ્યા. વડોદરા પાલિકા તંત્ર દ્વારા આ કોન્ટ્રાક્ટરો પર કડક કાર્યવાહી કરવી જોઈએ. ઉનાળાની તીવ્ર ગરમી અને અગનવર્ષા વચ્ચે આ પ્રકારની કામગીરી શ્રમિકોની સલામતી માટે જોખમી સાબિત થઈ રહી છે.

# ઉમા એક્સપોર્ટ્સે નવા પલ્સ યુનિટ સાથે પ્રોસેસિંગ ક્ષમતાનો વિસ્તાર કર્યો

વડોદરા,

ઉમા એક્સપોર્ટ્સ લિમિટેડ અગ્રણી એગ્રી-કોમોડિટી ટ્રેડિંગ કંપનીઓ પૈકીની એકે નવી મુંબઈમાં તેની ભાડા પરની સુવિધા ખાતેથી તેની પલ્સ મેન્યૂફેક્ચરિંગ કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી છે. નવી સુવિધાએ તેનું ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે અને હવે તે સંપૂર્ણપણે કાર્યરત છે, જેનાથી તેની ઉત્પાદન ક્ષમતામાં 36,000 એમટીપીએનો ઉમેરો થયો છે. આ વિકાસ કંપનીના શુદ્ધ વેપારથી વેલ્યૂ-એડેડ મેન્યૂફેક્ચરિંગ તરફના વ્યૂહાત્મક પરિવર્તનમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

આ નવા સાહસને સંપૂર્ણપણે આંતરિક સંચય દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે, જેમાં કોઈ બાહ્ય રોકાણની જરૂર નથી અને પ્રોસેસ કરાયેલ કઠોળ વધતી જતી સ્થાનિક માંગને પૂર્ણ કરવાના કંપનીના લાંબા ગાળાના દૂરદર્શિતાને અનુરૂપ છે. આ વ્યૂહાત્મક પગલું પ્રોસેસિંગમાં કંપનીનું પ્રથમ પગલું છે.

# પારુલ યુનિવર્સિટીના કેમ્પસમાં ગિરવે મુકેલા લેપટોપના મુદ્દે વિદ્યાર્થીને માર માર્યો

**પારુલ યુનિ.માં અભ્યાસ કરતા યુવકે નાણાંની જરૂર ઉભી થતાં મિત્ર પાસે પોતાનું લેપટોપ મૂકી ઉછીના રૂ.13 હજાર લીધા હતા**

(પ્રતિનિધિ) વડોદરા તા. 25

પારુલ યુનિવર્સિટી મા અભ્યાસ કરતા વિધ્યાર્થીએ રૂપિયાની જરૂર પડતાં પોતાના એક મિત્ર પાસે લેપટોપ મૂક્યું હતું અને જ્યારે તે લેપટોપ પાછું લેવા ગયો ત્યારે લેપટોપના સ્ક્રિન પર સ્ક્રેચ હોય યુવકે લેપટોપ રિપેરિંગ ની રકમ કાપીને ઉછીના નાણાં પરત આપવાની વાત કરતાં તેના મિત્રે અન્ય ત્રણ ઈસમો સાથે મળીને યુવકને અપશબ્દો બોલી ઝપાઝપી કરી લાકડીથી હૂમલો કર્યો હતો અને લેપટોપ તથા મોબાઈલ તોડી નાખતા સમગ્ર મામલે કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વાઘોડિયારોડ સ્થિત ઉમા ચારરસ્તા ખાતેના સાંવરિયા સોસાયટીમાં રહેતો મૂળ મહારાષ્ટ્રના સંભાજીનગર જિલ્લાના અંધારી ગામનો સાગર સુધાકર વાઘ નામનો યુવક રહે છે અને વાઘોડિયા ખાતે આવેલી પારુલ યુનિવર્સિટીમાં બી.ટેક.સી.એસ.સી.ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે.ગત તા. 16-03-2025 ના રોજ સાગરને નાણાંની જરૂર હોય તેણે પોતાના એક રાહુલ આહિર નામના મિત્રને પોતાનું લેપટોપ આપીને બદલામાં રૂ 13,000 ઉછીના લીધા હતા જે પૈસા ગત તા.24 એપ્રિલના રોજ રાત્રે સાડા નવ વાગ્યે પોતાના મિત્રો રાજશેખર અજીતકુમાર સિંગ તથા નિશાંત સિંગ સાથે આઈ ટાવર ડવડેક ખાતે પરત આપવા માટે ગયા હતા જ્યાં રાહુલ આહિર નો મિત્ર વિશાલ ગાંગર હાજર હતો તેણે સાગર વાઘનું લેપટોપ પરત આપ્યું હતું જેને ચેક કરતાં લેપટોપના સ્ક્રિનમા સ્ક્રેચીશ હતા જેથી સાગર વાઘે રાહુલ આહિરને ફોન કરીને લેપટોપના સ્ક્રિન ની સ્થિતિ જણાવી ઉછીના રૂ.13,000 ની સામે રૂ.10,000ગુગલ પે થી આપી બાકીના લેપટોપ સ્ક્રિન રિપેરિંગ ખર્ચ કાપીને નિકળતાં બાકી રૂપિયા આપવાની વાત કરી હતી અને ડવડેકના ગેટ પાસે પહોંચ્યા હતા ત્યારે અચાનક રાહુલ આહિર તથા તેના મિત્રો મેહુલ ભરવાડ, માર્મિક અને અન્ય એક અજાણ્યા ઈસમે સાગર વાઘને અપશબ્દો બોલી ઝપાઝપી કરી હતી તથા લાકડીથી પગ,પીઠ અને માથાના ભાગે માર માર્યો હતો તથા સાગર વાઘનું લેપટોપ અને ફોન તોડી નાખ્યાં હતાં જેથી સાગરના મિત્રોએ દરમિયાનગીરી કરી ઈજાગ્રસ્ત સાગર વાઘને સવિતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો જ્યાં સારવાર બાદ સાગર વાઘે ચાર ઈસમો વિરૂધ્ધ કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# પોરની GIDC કંપનીમાં ક્રેન રીપેરિંગ કરતો કર્મી 20 ફૂટ ઊંચેથી પટકાતા મોત

**ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડાતા જ્યાં તેમનું મોત થયું હતું**

(પ્રતિનિધિ) વડોદરાતા.25

ખાનગી કંપની વાળા ની બેદરકારી નો ભોગ એક આધેડ કર્મચારી બન્યો હતો સેફટી અને સલામતીના સાધનો વગર ક્રેન રીપેરીંગની કામગીરી દરમિયાન ૨૦ ફૂટની ઊંચાઈએથી પટકાતા કરુણ મોત નીપજ્યું હતું.

મકરપુરા નજીક આવેલા પોર જીઆઈડીસીમાં પંચાલ બ્રધર્સ નામની કંપની આવેલી છે કોઈ કારણસર ફીટીંગ ક્રેન માં ખામી સર્જાઈ હતી લોખંડની અતંત્ય વજનદાર વસ્તુ ને આઘી પાછી કરવા ના ઉપયોગમાં લેવાતી લિફ્ટિંગ ક્રેન રીપેરીંગ કરવા 60 વર્ષના ભાવેશ રજનીકાન્ત પટેલ (રહે: ભવ્ય એપાર્ટમેન્ટ પાણીની ટાંકી અટલાદરા) ગયા હતા કંપનીના સંચાલકો સાથે વાતચીત કરીને રીપેરીંગ નું કામ હાથ ધર્યું હતું. આશરે 20 ફૂટની ઊંચાઈ ઉપર રીપેરીંગ કરતા ભાવેશભાઈએ એકાએક સંતુલન ગુમાવતા ધડાકાભેર નીચે પટકાયા હતા બનાવના પગલે કંપનીના અન્ય કર્મચારીઓને સ્ટાફ બચાવ અર્થે દોડી આવ્યો હતો માથામાં તેમજ શરીરના અન્ય ભાગો મા ગંભીર ઈજા પામેલા ભાવેશભાઈ ને લોહી લુહાણ હાલતમાં સયાજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

કરુણ બનાવ અંગે એમના પુત્ર જય સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે છેલ્લા 15 એક વર્ષથી તેના પિતા ક્રેન રીપેરીંગ નું કામગીરી કરીને આજીવિકા રળતા હતા. વડોદરા મહાનગર પાલિકા આગળ કોન્ટ્રાક્ટર લાગે છે પુત્ર જય ખાનગી કંપનીમાં નોકરી કરે છે માતા અને પત્ની સાથે રહેતા પરિવારના માથે આકસ્મિક બનેલી ઘટનાના કારણે આભ તૂટી પડ્યું હતું. ઘરનો મોભી એકાએક ચાલ્યો જ હતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

### તમામ વિસ્તારોમાં પોલીસ દ્વારા બારીકાઈથી નજર રાખવામાં આવી

# પહલગામના આતંકી ઘટના બાદ શહેર પોલીસનું સઘન પેટ્રોલિંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

ગત તા 22 એપ્રિલના રોજ જમ્મુ કાશ્મીરના પહેલગામમા સહેલાણીઓ ઉપર કાયર આતંકવાદીઓએ ધર્મ પૂછીને ગોળીઓ મારવામાં આવી હતી જેમાં 28 લોકોના મોત નિપજ્યા હતા જ્યારે અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેના કારણે દેશ વિદેશમાં આતંકવાદી હરકતની સખત શબ્દોમાં નિંદા કરી સખત કાર્યવાહી ની માંગ કરવામાં આવી રહી છે સાથે જ આતંકવાદીઓ અને તેના સ્લીપ સેલની તપાસ સાથે જ દેશમાંથી પાકિસ્તાનીઓને દેશ છોડી જવા અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે ત્યારે વડોદરા શહેરમાં પણ પોલીસ કમિશનર દ્વારા પોલીસને એલર્ટ રહેવા સાથે જ સંવેદનશીલ વિસ્તારોમાં સાથે શહેરમાં ચાંપતી નજર સાથે પોલીસની તમામ એજન્સીઓને સૂચના આપવામાં આવી છે ત્યારે ડીસીપી ઝોન -2 અભય સોની દ્વારા ઝોન -2 વિસ્તારમાં આવેલા રાવપુરા, અટલાદરા, નવાપુરા સહિતના વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું સાથે જ ડીસીપી ઝોન -2 દ્વારા લોકોને અફવાઓથી બચવા, અફવાઓ ન ફેલાવવા સૂચના આપવામાં આવી હતી.

